GJDH030021372025

રજુ તારીખ :૨૧/૦૫/૨૦૨૫
દાખલ તારીખ :૨૧/૦૫/૨૦૨૫
જજમેન્ટ તારીખ:૧૬/૦૩/૨૦૨૬
અવધિ :વર્ષ-માસ-દિન
૦૦ - ૦૯ - ૨૩

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017** તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના **179-A** અન્વયેના નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩, તારીખ : ૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM-A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ. દેવગઢબારીઆ, જિલ્લો - દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ - ૧૬/૦૩/૨૦૨૬

ક્રીમીનલ કેસ નંબર: ૧૮૮૯/૨૦૨૫

આંક-

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સાગટાળા પોલીસ સ્ટેશન. |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ - ૬૫ઈ,૧૧૬(બી), ૮૧. |
| તોહમતનામાં મુજબ તોહમત | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ - ૬૫ઈ,૧૧૬(બી), ૮૧. |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | કનુભાઈ રૂપાભાઈ રાઠવા, ઉ.વ. ૩૮,<br>રહે. ઝાપટીયા, કાછલા ફળીયા, તા.દેવ.બારીઆ, જી.દાહોદ. |

| | |
|---|---|
| આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી | ડી.આર.ચૌધાણ. |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૧/૧૧/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | ૧૧/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૧/૦૫/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૯/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૯/૦૯/૨૦૨૫ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| 1. | કનુભાઈ રૂપાભાઈ રાઠવા | – | – | ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ – ૬૫ઇ, ૮૧ | આરોપીને શંકાનો લાભ આપી છોડી | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | મૂકવાનો હુકમ કર્યો. | | |

## FORM–C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ – હિતેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ ની જુબાની. | ૧૧ |
| ૨ | ફરીયાદી – ખુશવંતભાઈ રયજીભાઈ વરીયા ની જુબાની. | ૦૭ |
| ૩ | સાહેદ – કેસરસિંહ સોમાભાઈ ઘોરી ની જુબાની . | ૧૫ |
| ૪ | સાહેદ – દિનેશકુમાર પ્રભાતસિંહ રાઠોડ ની જુબાની. | ૧૬ |
| ૫. | આઈ.ઓ. ગીરીરાજસિંહ બળવંતસિં પરમાર ની જુબાની. | ૨૧ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૨ |
| ૨ | ફરિયાદ | ૦૮ |
| ૩ | મુદ્દામાલ સેમ્પલ રવાના કર્યાનુ પત્રક. | ૨૨ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

મુદ્દામાલની વિગત

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**–:જજમેન્ટ :–**

1. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૧૧/ ૨૦૨૪ ના રોજ કલાક ૧૭:૩૦ વાગે મોજે. ઝાપટીયા, મંદિર ફળીયામાં તમો આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગે.કા. રીતે વિદેશી દારૂનુ વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજા ભોગવટાનના રહેણાંક મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ માઉન્ટસ ૬૦૦૦ ઓરીજીનલ સુપર સ્ટ્રોંગ પતરાના ૫૦૦ મી.લી. ના પતરાના ટીન બીયર નંગ – ૨૮૮ ની કિંમત રૂ.૩૭,૪૪૦/– તથા ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કીના ૧૮૦ મી.લી. ના પ્લાસ્ટીકના કવાર્ટર નંગ – ૫૨૮ ની કિંમત રૂ.૭૧,૨૮૦/– મળી કુલ બોટલો નંગ – ૮૧૬ ની કુલ કિંમત રૂ.૧,૦૮,૭૨૦/– નો પ્રોહી મુદ્દામાલ લાવી /મંગાવી પોતાના રહેણાંક મકાનમાં રાખી પોલીસ પંચોની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી પાછળ મીળ આવી પુછપરછ દરમ્યાન સદર વિદેશી દારૂનો જથ્થો સહ આરોપી વિનોદભાઈ પારસીંહભાઈ રાઠવા, રહે. પાંચીયાસાળ, તા.દે.બારીઆ, જી.દાહોદ નાનો આપી ગયેલ હોવાનુ જણાવતા સદરહુ આરોપીની અવર નવાર તપાસ કરતાં હાજર નહી મળી આવ બંને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ સાગટાળા પોલીસ સ્ટેશનમાં આપતાં, સાગટાળા પ્રોહી. ગુના રજીસ્ટર નં. ૧૧૭૯/૨૦૨૪ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે,આ કામના આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની

કલમ–૬૫ઈ, ૮૧ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**2.** પોલીસ અહેવાલ રજુ થતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા કલમ–૨૧૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૫ઈ, ૧૧૬(બી), ૮૧ મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, કલમ–૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ–૨૬૩ મુજબ વિગતવારનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, કલમ–૨૬૫ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીઓ નું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા આરોપીપક્ષે ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

**4.** ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**5.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

**5.1.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૧/૧૧/ ૨૦૨૪ ના રોજ કલાક ૧૭:૩૦ વાગે મોજે. ઝાપટીયા, મંદિર ફળીયામાં તમો આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગે.કા. રીતે વિદેશી દારૂનુ વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજા ભોગવટાનના રહેણાંક મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ માઉન્ટસ ૬૦૦૦ ઓરીજીનલ સુપર સ્ટ્રોંગ પતરાના ૫૦૦ મી.લી. ના પતરાના ટીન બીયર નંગ – ૨૮૮ ની કિંમત રૂા.૩૭,૪૪૦/– તથા ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કીના ૧૮૦

મી.લી. ના પ્લાસ્ટીકના કવાર્ટર નંગ – ૫૨૮ ની કિંમત રૂા.૭૧,૨૮૦/– મળી કુલ બોટલો નંગ – ૮૧૬ ની કુલ કિંમત રૂા.૧,૦૮,૭૨૦/– નો પ્રોહી મુદ્દામાલ લાવી /મંગાવી પોતાના રહેણાંક મકાનમાં રાખી પોલીસ પંચોની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી પાછળ મીળ આવી પુછપરછ દરમ્યાન સદર વિદેશી દારૂનો જથ્થો સહ આરોપી વિનોદભાઈ પારસીંહભાઈ રાઠવા, રહે. પાંચીયાસાળ, તા.દે.બારીઆ, જી.દાહોદ નાનો આપી ગયેલ હોવાનુ જણાવતા સદરહુ આરોપીની અવર નવાર તપાસ કરતાં હાજર નહી મળી આવ બંને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુનો કરી પ્રોહી એકટની કલમ – ૬૫ઇ, ૧૧૬(બી), ૮૧ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**5.2.** શું અંતિમ હુકમ ?

**6.** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**6.1.** નકારમાં,

**6.2.** આખરી હુકમ મુજબ.

<u>–: નિર્ણયો માટેના કારણો :–</u>

**7.** મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :–

**7.1.** વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

<u>–: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:–</u>

**7.2.** આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદ હિતેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ નાઓને આંક–૧૧ થી તપાસેલ છે. જે આંક–૧૨ ના પોલીસ રેઈડ દરમ્યાનના પંચનામાના પંચ છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહિ કરવાનું કહેતાં તેઓએ સહિ કરી આપેલી. પંચનામુ કઇ બાબતનો હતો તે તેઓને ખબર નથી. તેમજ પંચનામુ તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નથી. જે પંચનામુ આંક–૧૨ થી રજુ છે. આમ સદર પંચસાહેદોએ પંચનામા અનુરૂપ

જુબાની આપેલ ન હોય સદર પંચસાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. તેમજ બંને પંચસાહેદોની આરોપીના વિ.વકીલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતાં તેમાં તેઓ એ વાત કબુલ રાખે છે કે પોલીસે એક તૈયાર લખેલ કાગળ પર તેઓની સહિ લીધેલી. તેમજ એ વાત કબુલ રાખે છે કે સહિ કર્યા સિવાય પંચનામાની હકિકત વિષે તેઓ કાંઈ જાણતાં નથી. જેથી આંક–૧૨ વાળુ પંચનામુ પુરવાર થતું નથી.

**7.3.** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી ખુશવંતભાઈ રયજીભાઈ વરીયા નાઓને આંક– ૦૭ થી તપાસેલ છે. તેઓએ આંક–૦૮ ની ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં ફરિયાદીએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમો પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં નીકળેલા અને તે સમયે તેમની સાથે મોબાઈલ સિવાય બીજુ કોઈ ઈલેકટ્રોનીક ડીવાઈઝ ન હતુ કે પંચનામુ પો.સ્ટે. માં કરેલુ તથા પં ચનામું ઈલેકટ્રોનીક ડીવાઈસથી ટાઈપ કરેલુ છે તથા બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે તથા આરોપી કનુભાઈ રૂપાભાઈની હાજરીમાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી.

**7.4.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ કેસરસિંહ સોમાભાઈ ધોબી નાઓને આંક– ૧૫ થી તપાસેલ છે. તેઓએ આંક – ૧૬ ની ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં ફરિયાદીએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમો પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં નીકળેલા અને તે સમયે તેમની સાથે મોબાઈલ સિવાય બીજુ કોઈ ઈલેકટ્રોનીક ડીવાઈઝ ન હતુ કે પંચનામુ પો.સ્ટે. માં કરેલુ તથા પં ચનામું ઈલેકટ્રોનીક ડીવાઈસથી ટાઈપ કરેલુ છે તથા બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે તથા આરોપી કનુભાઈ રૂપાભાઈની હાજરીમાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી.

**7.5.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ દિનેશકુમાર પ્રભાતસિંહ રાઠોડ નાઓને આંક– ૧૬ થી તપાસેલ છે. તેઓએ આંક–૦૮ ની ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં ફરિયાદીએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમો પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં નીકળેલા અને તે સમયે તેમની સાથે મોબાઈલ

સિવાય બીજુ કોઈ ઈલેક્ટ્રોનીક ડીવાઈઝ ન હતુ કે પંચનામુ પો.સ્ટે. માં કરેલુ તથા પંચનામું ઈલેક્ટ્રોનીક ડીવાઈસથી ટાઈપ કરેલુ છે તથા બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે તથા આરોપી કનુભાઈ રૂપાભાઈની હાજરીમાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી.

**7.6.** આ કામે ફરિયાદ પક્ષે આઈ.ઓ. – ગીરીરાજસિંહ બળવંતસિંહ પરમાર નાઓને આંક– ૨૧ થી તપાસેલ છે. તેઓએ આંક – ૦૮ ની ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં ફરિયાદીએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને તપાસ મળતાં તેઓએ ફરીયાદનો અભ્યાસ કરેલો તથા હાલના આરોપી બનાવના સ્થળેથી પકડાયેલ નથી તથા તેઓએ તપાસ દરમ્યાન બનાવ સ્થળની મુલાકાત લીધેલી તથા બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે તથા આ કામે તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી તથા બનાવવાળી જગ્યાની માલીકી અંગેનો પુરાવો તેઓએ આ કામે સામેલ રાખેલ નથી તથા તેઓએ હાલના કામે ચાર્જશીટ સાથે એફ.એસ.એલ. એનાલીસીસ રીપોર્ટ સામેલ રાખેલ નથી.

**7.7.** ફોજદારી કેસમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

**7.8.** In the case of **SATISH MEHRA VS DELHI ADMINISTRATION,** 1996 (0) **AIJEL–SC**25516 The Hon'ble Supreme Court held that,

*"15. When the judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding the trial only for the purpose of formally completing the pronouncing the conclusion on a future date."*

**8.** આમ, ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **STATE OF GUJARAT V. SURESHBHAI S PATEL,** 2010 (0) **AIJEL–HC** 224081, નીચે મુજબ ઠરાવેલ છે.

*15.The Trial Court has, after appreciating the oral as well as documentary evidence, found that pancha witness – Kantibhai Kikabhai declared hostile. It is also observed by the learned Magistrate that panch witness Kantibhai did not support the Panchnama at Exhibit 7. It is also observed by the learned Magistrate that the complainant has not mentioned as to how many bottles of which brand he has seized.* ***It is also observed by the learned Magistrate that when panchas are turned hostile and did not support the case of the complainant, it would not be appropriate to solely rely upon the evidence of complainant. Thus, the prosecution has failed to prove its case beyond reasonable doubt against the respondent–accused.***

આમ, ઉપરોક્ત કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, પંચસાહેદો ફરિયાદ પક્ષને સમર્થન આપતાં ના હોય તેમજ ફરિયાદીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત ફરિયાદીની જુબાની પર આધાર રાખીને કે સાબિત થયેલાનું માની શકાય નહીં. આ સંજોગોમાં પંચનામાને પંચસાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતાં અને હિત ધરાવતાં સાહેદો છે તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરિયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને તે રહેણાંકના મકાનો આવેલા છે. આમ, બનાવવાની જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે. તેમ છતાં તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે

ફરિયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના પુરાવાના વિરોધાભાસના કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જયુરીસ્પુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે

<u>–:: આખરી હુ ક મ ::–</u>

1. આ કામના **આરોપી કનુભાઈ રૂપાભાઈ રાઠવા, ઉ.વ. ૩૮, રહે. ઝાપટીયા, કાછલા ફળીયા, તા.દેવ.બારીઆ, જી.દાહોદ. નાઓને** ભારતીય નાગરિક સુરક્ષા સહિતા ની કલમ–૨૭૧(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ– ૬૫ઇ, ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.
3. આરોપીએ આપેલા જુના જામીન છ માસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૧૬મી, માહે – માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ:– ૧૬/૦૩/૨૦૨૬**
**સ્થળ: – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**